Choryasi - Achhandas KavyaSangrah (Gujarati Edition)

'Kavyahard', Kavita Bhatt Raval

VISIT...

LANZAROTE Caliente.COM



ચોર્યાસી

(અછાંદસ કાવ્યસંગ્રહ)

કવિતા ભટ્ટ રાવલ 'કાવ્યહાર્દ'









ચોર્યાસી

(અછાંદસ કાવ્યસંગ્રહ)



કવિતા ભટ્ટ રાવલ 'કાવ્યહાર્દ'



"Connect the Vision"™
Nexus Stories Publication
Bhārata

NEXUS STORIES PUBLICATION
Surat, Gujarat, India.

Title – ચોર્યાસી (અછાંદસ કાવ્યસંગ્રહ)

First Published by Nexus Stories Publication 2022

ISBN # 978-93-91529-79-6

Publication
Nexus Stories Publication
Surat (Gujarat), Bhārata
https://nexus-stories. com
+91 87800 80718

અનુક્રમણિકા

નરસૈંયો

માછલી

ધોળી ઘોડી

ચેલૈયો

કોયલ

દ્રૌપદી

પ્રસુતા

ભ્રમર

સાબિતી

સ્વભાવ

Coming Soon

મારી નજરે કૃષ્ણ

કૃષ્ણ મને અર્પણ

સંજોગ

આથમતો માણસ

સમય

મન

સપનું

પંખી

કંટક

અશ્વત્થામા

ગુલાબ

ગંગાપુત્ર

કૃષ્ણ અને કૃષ્ણા

અખંડ સૌભાગ્યવતી

મીરાં

પ્રસ્તાવના



કવિતા વિશે કવિતા દ્વારા

કવિતા ભટ્ટ રાવલ ‘કાવ્યહાર્દ’

બેફામ સાહેબની ગઝલની જેમ મને પણ મારી કહાની સુણાવી હતી. તો થયું, ચોર્યાસીથી શરૂ કરું. ચોર્યાસી મારો પ્રથમ અછાંદસ કાવ્યસંગ્રહ, નવમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે, સ્કુલ લાયબ્રેરીમાં એક પુસ્તક હાથમાં આવ્યું. પુસ્તકનું નામ "કવિતા" એટલે તરત ખોલ્યું. પહેલા જ પાના પર એક બ્રમ્હાસ્ત્ર જેવો શેર વાંચ્યો.

બ્રમ્હાસ્ત્ર કદી નિષ્ફળ નથી જતું એમ એ શેરએ મારા અસ્તિત્વને જકડી લીધું (જગાવી દીધું). પુજ્ય અમૃત ઘાયલ (ઘાયલ દાદા) નો એ શેર,

"છે કૃષ્ણનાં સુદર્શન જેવો જ ઘાટ મારો
ધારો તો ધર્મ છું ફેંકો તો ધ્વંશ છું હું."

કૃષ્ણને જીવતો જીવ હોય, એને જેટલી વાંશળી વ્હાલી એટલું જ સુદર્શન પણ વ્હાલું હોય જ.

મારી કવિતા લખવાની શરૂઆત ત્યાંથી જ થઈ. કલમ ધબકતી થઈ ત્યારે, પહેલું અછાંદસ લખાયું "સપનું" જે આ ચોર્યાસી મણકામાં સામેલ છે. આ પહેલી જ રચના VRTI દ્વારા પ્રકાસિત થતા મેગેઝિન "વિવેકગ્રામ" માં પ્રકાશિત થઈ ત્યારે, મારા કરતા મારી કલમ રાજી થઈ. અને, એ પછી એણે અવિરત પણે વહેવાનું ચાલુ રાખ્યુ.

ચોર્યાસીની શરૂઆત "પિતા" થી, પિતા સ્વર્ગે સીધાવ્યા એ દિવસ મારા જીવનની અમાસ. મારા બાપુ માટે લખાયેલું આ કાવ્ય મારું ભાગવત છે. મારું કવિતા લખવાનું મુળ કારણ! "મારી છઠ્ઠીનો દીવો, અને પીપળાનું પાન. "આ બેન્નેના સહારે પરિવારે જે નામ પાડ્યું, એને સરસ્વતીનાં આશિર્વાદ પ્રાપ્ત થયા અને, કવિતા કવિતામાં ભળી. હું લખું છું એટલે કવિતા છું! કે, કવિતા છું એટલે લખું છું એ તમારા પર છોડ્યું. ચોર્યાસીમાં વ્યક્ત થતું મારું ભાવ જગત, મારી હ્રદયની લાગણી અખંડ રહે, સહજ રહે અને આપનાં સુધી પહોંચે એ જ મા

સરસ્વતીને પ્રાર્થના.

જેટલું પણ લખ્યું છે એ મા સરસ્વતી એ બોલ્યું છે, અને કૃષ્ણએ લખાવ્યું છે. આપની નજર એને અમુલ્ય બનાવશે એવી આશા સાથે. મારો પ્રથમ અછાંદસ કાવ્યસંગ્રહ "ચોર્યાસી"

કૃષ્ણાર્પણમ અસ્તુ.

Special Thanks

- ❖ Siddharth Raval (business manager)
- ❖ Adv. Avinash j. bhatt (B.A. LL.B.)
- ❖ Biren Thaker (Branch head)
- ❖ Vandana Bhatt "શાંતુઇંદુ" B,COM. LL.B. writer)

8, પુસ્તક પ્રકાશિત.

પ્રથમ વાર્તા સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનો ભગીની નિવેદિતા પુરષ્કાર.

હિન્દી નવલકથા દર્દપુરના ગુજરાતી અનુવાદને સાહિત્ય અકાદમીનું દ્વિતીય પારિતોષિક.

વિશ્વકોશ ભવન અંતર્ગત વિષ્વા ની નવલકથા સ્પર્ધા માં પ્રથમ.

નવનીત સમર્પણ, એતદ્, સમીપે, કુમાર,અખંડ આનંદ, કથાદેશ-હિન્દી, સમકાલીન ભારતીય સાહિત્ય-હિન્દી. જેવા સામાયિક માં વાર્તાઓ પ્રકાશિત.

Mr. Meet joshi
(CS, LL.B. writer)

Mr. Kaushal Joshi
(CEO, Nexus Stories Publication)

***

પુસ્તક પરિચય



કવિતાની કવિતા

નજર સામે પિતાની આંખ બીડાય,અને સામે ઉભેલા સંતાનોને સમજાય છે કે પિતા અનંતની યાત્રાએ ઉપડી ગયા છે જયાંથી કોઇ કદી પાછું નથી ફરતું. આ નિતાંત વાસ્તવિકતાની ખબર હોવા છતાં આરંભાય છે એક યાત્રા- આંખ ખોલશેની આશાની, પાછાં ફરવાની અને અનાયાસે આવજો નાપર્યાય રૂપે અવતરે છે કવિતા.મનુષ્ય માત્ર ની અનુભૂતિ છે 'પિતા' કવિતા. દરિયાની રેતીમાં અનુભવાય છે વિછેદની પીડા.દરિયા અને રેતીના પ્રતિક દ્વારા નારી જીવનની વ્યથા અભિવ્યક્ત થાય છે. ખૂણો કવિતા આશાનું કિરણ ઘોર અંધાર ને ભેદી ને જાણે કહે છે કે સવાર થશે અને થાય જ છેને?વિયોગ કવિતા વિરહિણીનું આશા વૃક્ષ છે જે પાનખર પછી વસંત આવવાની છે નું છડીદાર બની ઊભું છે.અસ્તિત્વ કાવ્ય સ્ત્રીના અસ્તિત્વને શૂન્ય કરી દેતી પોકળ લાગણી સામે પ્રશ્નાર્થ ખડા કરે છે.ચક્ર નારીની એ સ્થિતિ ને વર્ણવે છે જયાં શકતી સ્વરૂપા સ્ત્રી અનુભવે છે કે એ પણ સરસંધાન કરી શકે છે પણ..એનું લક્ષબિંદુ નક્કી કરનાર કોઈ છે એ પોતે નથી! દિવાલ માં સ્ત્રી ની સપનાઓને સાચવી રાખવાની શક્તિ વ્યક્ત થાય છે સમાજના ઠેકેદારો સ્ત્રી ને દિવાલ ગણી પોતાના દંભી આદર્શ ના ખીલા માર્યા કરે છે પરંતુ એ ખીલાઓથી વીધાંએલી સ્ત્રી પોતાના અસ્તિત્વ ને અડીખમ રાખે છે, અનેક રંગોથી રંગાયેલી છતાં નિર્મોહી. મેઘધનુષ બોલતા એનું પર્યાય એવું કૃષ્ણનું મોરપીચ્છ યાદ આવે.એની સામે કાળા રંગને મૂકી ને કવિતામાં કૃષ્ણ ને સાક્ષત થવા લાચાર કર્યો છે કવિતાએ.રેવા દ્વારા કવિતા એ માતૃભૂમિ કચ્છ ની નપાણીભૂમી અને તેના લીધે રગદોળાતું બાળપણ ની ઝલક દઇ દીધી છે. પાણી ન હોવું મતલબ બાળપણ ન હોવું!વગર પાણીએ પણ છાલક મારી શકાય એ કવિતાની કવિતા.માંથી પસાર થનારને સમજાશે.લખચોર્યાસીજેટલા વૈવિધ્ય સભર વિષયો પર ચાલતી કલમનું શુભેચ્છા સહ સ્વાગત છે.

- વંદના શાન્તુઇંદુ, વડોદરા-7

નિવેદન



જીવનમાં જ્યારે આગળ વધતા હોઈએ ત્યારે, એ રસ્તે હંમેશા સાથ આપનારાઓનો પ્રગતિમાં પહેલો ફાળો હોય છે. મારા જીવનના અધ્યાયના ઉદગાતાઓ નો તો આભાર માનું એટલો ઓછો છે.

પ્રથમ આભાર મારા માતાપિતાનો. એમણે જન્મ આપ્યો એ બદલ, મને પ્રેમ આપ્યો એ બદલ,જો કે, જેની હું દરેક જન્મમાં ઋણી રહેવા ઈચ્છું છું એ માતાપિતાનો આભાર વ્યક્ત કરુંતો પણ ક્યા શબ્દોમાં?

મા: મારી તોતડી બોલીમાં
બોલાયેલો મારો પ્રથમ શબ્દ
"મા"
એ જ મારી અખંડ અષ્ટાક્ષરી.

પિતા: "ઈશ તારો કેવડો હું આભાર માનું!
પિતા તે દીધાં છે મુજને તારા જેવા."

આભાર મારા પ્રથમ અક્ષરગુરુ મારા ફોઈ
માલતીબેન: "દ્રોણ, પરશુરામ, દત્તાત્રય કે કહું કૃષ્ણ?
અક્ષર લખતાં શીખવી આપે કવિતા બનાવી છે મને."

આભાર મારી લાડકીનો. ઊર્મિ: તારા વગર કવિતા ન હોઈ શકે, ન લખાઈ શકે જેમ કવિતામાં ઊર્મિઓ ન હોય તો સાહિત્ય શક્ય નથી, એમ તારા વિના તારી બહેન પણ શક્ય નથી.

આભાર મારા જીવનસાથીનો.

મારા કૃષ્ણ સમાં સખાનો.

"તારા પગલે પગલે હું નતમસ્તક
તારા શબ્દો મારી સાકર પડી.
તારા ચપટી કંકુએ પરણેતર હું,
તારું હર વચન મારી સપ્તપદી."

આભાર મારા માતાપિતા (સાસુ સસરા) નો. જેમણે ખરા અર્થમાં મારી માતાને આપેલું વચન પાળી મને દિકરી માની એવું નહીં, પણ મને દિકરી જેવું તમામ સુખ આપ્યું.

"શું કહું આપનાં આશિષ વિશે
હું જે પણ છું આપનો જ પ્યાર છે."

આભાર મારા દેરિડાનો

ઘરમાં પગ મુક્યો, ને તરત કહેલું. તમે મારા ભાભી નહીં મારી મા છો.આભાર તારી આ અમુલ્ય લાગણી માટે.

"તું મહેંદીનો છોડ નહીં લાવે તો ચાલશે
તું દિકરા માંથી દિયર થાશે નહીં ચાલે."

આભાર મારા જીવનનાં સૌ થી નાના અજવાળાં પણ, મારું જીવન જેનાં માટે છે એવા મારા લાડકવાયા દિકરા શિખરનો. જેણે મને મા કહીને બોલાવી તો ઈશ્વરને પણ મારી ઈર્ષા આવી.

આભાર મારી પ્રિય સખી તારો ખુબ ખુબ આભાર.

લીના સચિન તન્ના:

"શું હશે આ દોસ્તીની વાતમાં પોતાપણું?
હું તાંદુલ બનું, તો તું કૃષ્ણ બની જાય છે.

આભાર મા સરખા માસીનો

વંદના ભટ્ટ "શાંતુઇંદુ" (B.COM. LL.B. writer)

મને હંમેશા કહે છે કડવી ગોળી તો મા જ પાય, મને મારા સારા કાર્ય માટે પ્રોત્સાહન અને ભૂલ પડે ત્યાં દોરવણી કરવા માટે ખુબ ખુબ આભાર માસી.

આભાર મારા વડીલો રૂપી વિરાટ વડલાનો. જેમની છાયાએ મને દુન્યવી ધૂપનો અહેસાસ નથી થવા દીધો.અને આ સાથે મેં લખવાની શરૂઆત કરી ત્યારથી માંડી મારી કવિતાને પુસ્તક રૂપ મળ્યું ત્યાં સુધી મને સાચી દોરવણી કરનાર અને મારી પ્રગતિમાં પોતાનાં હૃદયથી સામેલ થનાર તમામનો હૃદય પુર્વક આભાર.

અને સૌથી મહત્વની વાત કે મારી કવિતાને લાગણી ભલે મેં આપી, કલમ મારી રહી. પણ, મારી કલાને પુસ્તક રૂપી ઘાટ આપનારા ઘડવૈયા એવા નેક્ષસ પબ્લિકેશનનાં CEO શ્રી કૌશલભાઈ જોશીની ખરા અર્થમાં હૃદયવંદના આપ મારી કલાની આ ચણાઈ રહેલી ઈમારતનાં પાયાની સદાય સુવર્ણશીલા રહેશો ખુબ ખુબ આભાર આપનો.

***

શુભેચ્છા (મીત જોશી)



કવિતા એટલે લાગણીની ભાષા. કવિતા શબ્દ સંભળાય એટલે કંઇક કલ્પનાત્મકતાનો અહેસાસ થાય. અને જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ એ વાત તદન સાચી કરતાં કવિ પોત પોતાના ભાવ વિશ્વમાં કલ્પનાની પાંખે ઊડાન ભરે. એવી જ રીતે અહીં કવિયત્રીએ પોતાનાં ભાવ વિશ્વને ફૂલથી શરૂ કરી ધગધગતી યાજ્ઞશેની સુધી લઈ જઈ લાગણીનો એક એવો સુંદર યોગ સર્જ્યો છે જેમાં કોમળતા છે તો અગ્નિનો તાપ પણ.અને યોગાનુયોગ આ બધી કવિતાઓ જેમનાં દ્વારા લખાઈ છે એ કવિયત્રીનું નામ પણ કવિતા એટલે સોનામાં સુગંધ ભળ્યા જેવું કહેવાય. કવિતા એટલે એક એવી કવિયત્રી કે જે એના નામને સંપૂર્ણ રીતે સાર્થક કરે છે. કવિતાની કવિતા એટલે એવી સરિતા કે જે અસ્ખલિત રીતે વહેતી જ રહે છે. અને આ બધું જ સાથે મળી કવિયત્રીએ જે પુસ્તક રૂપી પોતાની સરસ્વતીને આપણાં સૌ સુધી પહોંચાડી છે એ "ચોર્યાસી". કવિયત્રી કવિતા ભટ્ટ રાવલ "કાવ્યહાર્દ" દ્વારા લિખિત કવિતાનું આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે ત્યારે કવિયત્રીને અંતઃકરણ પૂર્વકની શુભેચ્છાઓ અને સાથે સાથે વાચક મિત્રો પણ આ કવિતાની સરિતામાં ડૂબકી લગાવે અને લાગણીઓના મહાસાગરમાં ભળી જાય એવી હાર્દિક શુભકામનાઓ.

મીત જોશી **(CS, LL.B.)**
કંપની સેક્રેટરી, લેખક
અમદાવાદ
૧૪ એપ્રિલ, ૨૦૨૨

***

પિતા



જીવનની એ કઠીન ક્ષણ!
કહેવાનું ગણું હતું,
પણ!
સમય ન મળ્યો.
જીવનની ક્ષણે ક્ષણ સ્વને ભૂલી જઈ,
સ્વજનો માટે જીવી.
કશી ઝંખના વગર,
કશા વલોપાત વગર,
સર્વસ્વ ન્યોચ્છાવર કર્યું.

એ સમયે એમની નિર્દોષ આંખોમાં,
કશાયની આશા વગર મીઠી નીંદરની પાતળી સંભાવના દેખાઈ.
હું થોડી વાર થંભી,
લાગ્યું કશુંક કહેવા જઈ રહ્યા હતા.
કશાકની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા હતા.
પણ આ શું?
ધીમે ધીમે એમની આંખોના કમળ બિડાતા ગયા.
અને હું બસ રાહ જોતી,
સાદ સાંભળવા ઈચ્છતી,
વ્યાકુળ ચિત્તે એમની સામે જોતી રહી.
પ્રતિક્ષાનો અંત આજ સુધી ન આવ્યો.
હવે!
કવિતામાં જ એમને શોધવા રહ્યા

હા, મારા પ્રેમાળ પિતા અનંતનાં પ્રવાસે ગયા.

*****

દરિયાની રેતી

રેતીનો સંતાપ અનુભવ્યો છે?
દરિયો ક્ષણવારમાં ભીંજવીને પાછો ચાલ્યો જાય છે.
એને સાવ એકલી,
સખત તાપમાં સુકવતી મુકી.

પણ જોયું છે ક્યારેય આખેઆખા અસ્તિત્વને સુકાતા!?
કણે કણ એક બીજા થી છૂટ્ટા પડી જવા.
રસ્તાઓ તદન જુદા પડી જવા.
હવાની એક લહેરખી
બધી સંવેદનાઓને સાથે લઈને ઉડી જતી હોય,
ત્યારે!........

વિચાર આવે છે કે,
આ દર્દના અસ્તિત્વને જીવવા રેતી બનવું પડે!
કે,એની કવિતા બની લખાવું પડે.

*****

ખુણો

અજાણ્યો અજવાસ
બારીની એક તિરાડમાંથી,
સહેજ અંદર પ્રવેશ્યો.
આખોય ઓરડો પ્રકાશથી રોશન થયો.
બસ એક ખુણો છતાં પણ! અંધારિયો રહ્યો.
વિશ્વાસ ન આવે એ રીતે છવાએલો અંધકાર
કેમ બન્યું હશે આવું!

ખુબ વિચાર્યું
થયું! જરા જોઈ લઉં આ ઊંડા અંધકારનું રહસ્ય,
પડ્યું હતું ત્યાં એક સંદૂક
વિખરાયેલા સપનાંનું,
કદી ન મળેલા જવાબોનું,
ખોવાઈ ગયેલા અસ્તિત્વનું,
વિતી ગયેલી જીંદગીનું.
હજુ પણ એ ખુણો રોશન નથી.
ખુટે છે હજી પણ પ્રકાશ,
અને હું.

*****

વિયોગ

વૃક્ષની લીલીછમ ડાળખી
પર્ણોથી ભરાયેલું લીલું અસ્તિત્વ
એક અજાણ્યા પંખીનું આવવું,
થોડી પળનો મીઠો સંગાથ.
અચાનક ઉડી જવું એનું.

અને ફરી ક્યારેય ન આવવું એ તરફ!.
વિયોગની વેદના,
કદી વ્યક્ત ન થઈ શકનારી લાગણીનો ભાર,
લીલી કાયાનું વિરહ વેદનામાં બળી જવું.
કેવું દુઃખદ!
પાનખર કદાચ એટલે જ આવે છે
બળેલા હૈયાને સાથ આપવા.

એ કાળાશને પોતામાં સમાવી લેવા,
ડાળખીને શ્યામ પટકામાં લપેટી લઈ, એને શૂન્યવત કરવા.
ફરીને કદાચ એ પંખી આવે તો!
ફરીને પર્ણો ઓઢી બેસી શકે
એની રાહમાં.
ફરીને સર્જાઈ શકે એ ડાળખીનું અસ્તિત્વ પ્રિતના રૂપે.

*****

અસ્તિત્વ

મારાથી પર,
એવી તારી સ્વ- સૃષ્ટિમાં
મારું અસ્તિત્વ સમેટાઇ જાય.
એવી તારી
ભાર સભર લાગણી થકી!
મારે.................!!??

બિંદુવત્ થઇને જીવવું પડ્યું.

*****

ચક્ર

એક સ્વપ્નવંત આંખની પાંપણ,
ધીમા ધીમા પલકારાનાં ગઢ,
કાંગરે બેઠેલું પારેવું,
શાંત સૃષ્ટિમાં વિહાર કરવા ઉડાન ભરે.
ત્યાં તો!

નાના નાના
અશ્રુ મોતીની સાંકળના બંધન.
વિરાટ આકાશના સ્વચ્છ ચિત્રપટ પર
નાની સરખી આશ પીંછી વડે દોરાયેલું મીન
સતત આવતા ઝંઝાવાતી વમળમાં ગુમરાઇ ગયેલું,
સ્થિર કરવા જાઉં,
ત્યાં!

અસમર્થ હોવાની વેદનાં.
વિંધવા માટે સમર્થ પણ લક્ષ્યબિંદુ કઠિન
અંતરમને ઊભરતો એક સવાલ!
સમર્થ એવો હું બાણાવળી અર્જુન?
હા.

પણ પાંપણનાં નીરને સ્થિર કરતો કૃષ્ણ ક્યાં?
આ એક સવાલે હું ફંગોળાઇ ગયેલા ચક્ર સમાન.
ના અંત દિશે ના અનંત
હું જાણે પ્રલય વેળાનું કાળચક્ર!

*****

દિવાલ

એક અવાચક દિવાલ
જાતજાતના ચિત્રોથી ભરપુર છતાં કોરી!
એનાં હોવા પણાનો સંઘર્ષ કરતી.
એકલી છતાં અડગ,
ક્યાં સુધી આમ મૌન રહી શકશે!?

એને પણ વાચા આવશે,
એ પણ વિચાર કરશે,
એક દિવસ મૌન તોડી કદાચ તાડુકી ઉઠશે.
અને એ દિવસ આવ્યો પણ,
એક જ ટાંકણાનો ઘા!

અને વર્ષોથી મૌન દિવાલનું રદય ચીરાયું,
તિરાડો બેસુમાર પડી એનાં શરીરે.
અંદર દેખાયું એક અભેદ આવરણ!
ચિત્રોને સાંચવી રાખવાની એની તપસ્યા,
ખીલાથી છલ્લી થતું એનું શરીર,
લગભગ કદરૂપા લાગે એવા તમામ રંગોથી રગદોડાયેલું એનું અસ્તિત્વ.
આખર બોલી ઉઠ્યું.

બસ, હવે ના કરશો કોઈ શણગાર.
મેં મારૂ સર્વસ્વ ત્યાગી દીધું છે એક વૈરાગીની માફક.
દિવાલ જાણે!
વર્ષો જૂની વિજોગણ....

*****

મેઘધનુષ્ય

રંગના નામે રચાતું કોઈ અર્ધવર્તુળ
જુદાંજુદાં રંગોથી સેજ વણાંક લેતું,
પોતાની સાતેય ઇન્દ્રિયોને સતેજ કરી તપસ્યા કરતું આકાશે ઉભું છે
ધ્રૃવ સમાન એની ક્રાંતિ,
અર્જુનના ધનુષ્ય જેવું એનું તન,
સૂર્ય સમાન એનું તેજ,
અંગરાજ સમી એની દાનવૃતિ,
બધું જ છે એની પાસે.
તો પણ,
ન જાણે કેમ!
એ વિચલિત થઈ સહેજ વારમાં પોતાની જાતને ખોઈ બેસે છે!
આવું કેમ!
.
.
બધા રંગો હોવા છતાં એના પાસે શ્યામવર્ણ નથી.
ઘાટ હોવા છતાં એની પાસે ઘટક નથી.
કદાચ એટલે જ કે,
સ્થિર રાખવા એના પાસે કૃષ્ણ નથી.

*****

રેવા

જેઠની બપોર
સુકો બળબળતો તાપ,
પાણી ભરીને આવતી નાની રેવા.
માથે ફાટેલું છાયલ,
કેડે નાની ગાગર,
ઉઘાડા પગે ગામની કેડીએ ચાલી આવતી અપ્સરા જાણે!
ચહેરા પર પરસેવાની બુંદ,
પગમાં કાંકરા ખૂંચ્યાની પીડા,
ધગધગતો આગનો ગોળો સતત તાપ વરસાવી રહ્યો હોય,
પ્લાસ્ટિકની બંગડી પહેરેલા નાના હાથ
ગાગર સુધી માંડ પહોંચતા.

પાણી એની મર્યાદા ઓળંગી ગાગરના કાંઠા ઠેકતું એને ભીંજવી રહે,
અને તો પણ કોરીને કોરી રેવા!
દુન્યવી રીત રંગથી અજાણ
પોતાની મસ્તીમાં ગાતી ઘરનો ઉંબર ઓળંગી પાણિયારા પર ઊભી ,
હું રે ભીંજાણી મારા ગાગરના પાણીએ
કોઈ મારી હેલ ઉતરાવો હો રાજ.
મારા હૈયાના ઓરતાં સૂરજ એ તાપીયા,
સૂરજને જઈ કોઈ ઢાંકો હો રાજ.......
રેવાનો કંઠ જાણે જેઠના તાપનું હિમવન...

*****

જીર્ણ ગઢ

પથ્થરોના ઢગલે ઢગલાથી ઊભો કરાયેલો ગઢ
ગઢના કાંગરા
ખસી ગયેલ પથ્થરના ટુકડાઓથી ખંડિત થયેલાં,
દિવાલો જાણે અડતાની સાથે જ બેહોશ થઈને ઢળી પડશે.
આધાત લાગેલી કોઈ રાજ મહલની રાણીની જેમ.
જેનો એકનો એક રાજકુમાર યુધ્ધમાં વીરગતી પામ્યો હોય.
ગોખલામાં પડેલો એક ઝાંખો દીવો,
નઈ જેટલો પ્રકાશ આપી પોતાની હાજરી પુરાવતો હોય,
ધૂળધૂળ થયેલો પટ
કોઈ રાજાને આવવા માટે બિછાવેલી કૂણી જાજમ
એમાં પડતા પગલાંની છાપ,
પરાણે ઉપર જતી ખખડધજ સીડી
અગાશીમાં પડેલી એકલી તોપ
ક્યાં જતુ રહ્યું ગઢનું સોંદર્ય?
સમયનાં ઘોડાઓ રઘવાયા થઈને નાશી ગયાં,
બાકી રહ્યું સૂમસાન ગઢનું એકલું અસ્તિત્વ અને બાવળનું વન.
કોણ જાણે ક્યાં હશે!
રાજા, રાણી, કુંવર, સૈન્ય, અશ્વશાળ, રથ.
પેલી જાજમ, ઝગમગતા દીવાથી શોભતો રંગમહલ.
ક્યાં હશે એ બધું!
.
.
.
સમય પસાર થાય છે
એમ બદલે છે બધું જ.
હું, તું ને ગઢ પણ.
*****

મારી શાળાએ જતો રસ્તો



મારી શાળાએ જતો રસ્તો
સવાર પડતાં જ તૈયાર થઈ શાળાએ જવું
મમ્મીના હાથનો નાસ્તો એક ડબ્બા માં ભરી
ખભે દફ્તર ઉંચકી ફઈની આંગળી જાલી શાળાએ જવા નિકળતી
હા મારા ફઈ મારા પ્રથમ અક્ષર ગુરુ.
પાછળથી એક અવાજ લગભગ રોજ આવે
એએએએએય છોકરી બધા ચોપડા લીધા ને?
હા દાદી.
મારી દાદી મારી બહેનપણી.
ડેલીએથી બાહર નિકળતા ડાબે હાથે વળી જવું પડે
ત્યાંથી શરૂ થાય શાળા સુધી પહોંચવાની સફર.
રસ્તામાં આવતી લીમડાવાળી હવેલી
કૃષ્ણનું ઘર,
કૃષ્ણ મારો પ્રાણ.
ભણવું છે પણ સવારે આટલું વહેલું ઉઠવું ફાવતું નથી.
ફરિયાદ કરતાં મનમાંને મનમાં એની સાથે ઝઘડો કરી આગળ ચાલું
સહેજ આગળ વધતાં જમણે વળી આગળ ચાલીએ
એટલે રસ્તામાં આવે થોડીક જાણીતી દુકાનો અને વધુ જાણીતું
ડો. છોટાલાલ કોઠારીનું દવાખાનું
અને આ દવાખાનાની દિવાલને અડીને જ આવતી મારી શાળા

"મટાણી કન્યા શાળા"
મારા અક્ષર જ્ઞાનનું પ્રથમ પગથીયું.
દવાખાનું
મારી રજા લઈ જવાની ઈચ્છામાં આડે આવતું.
પેટ દુખે છે,
માથું દુખે છે.
એક જોશથી બૂમ આવતી
એકદમ કડક અવાજની પણ, ખુબ પ્રેમાળ રદયનાં ધણી જ્યોતીબેન શાહ
જ્યોતી બેન અમારા આચાર્ય
ચાલ રોજ કેમ પેટ દુખે?
માલતી લઈજા એને છોટુકાકા પાસે દવા આપશે એટલે શારું થઈ જશે.
અંદરને અંદર સમસમીને પાછા ક્લાસમાં જતું રહેવું.
ભણતર અને ઘડતરની શરુઆત
મારી શાળા
રોજ ઘરથી શાળા તરફનો રસ્તો અને એ રસ્તે આવતા તમામ ઘર, દુકાન, દવાખાનું
આજે પણ યાદ આવે છે.
અને પહોંચી જાઉં છું બાળપણમાં.

*****

કાજલ નામે છોકરી

કાજલ નામે છોકરી
નેત્રાશ્રય નામના ઘરમાં રહે.
ઘરમાં પ્રવેશતાં આખુ ઘર માથે લઈ લે.
શામળો રંગ, તીખી નજર, ખુબ અલગ એની ચાલચલગત,
સ્વભાવે તીખી છતાં!
ઉપસ્થિતિ એની પ્રસંગમાં ચાર ચાંદ લગાવી દે એવી.

પણ છોકરીની જાત!,
અંતે વળાવવી તો પડે.

વિદાયનો વારો આવ્યો અને સદાય મસ્તીમાં રહેતી કાજલ ધ્રુસકેને ધ્રુસ્કે રડી પડી
આખું નેત્રાશ્રય જાણે યમુનાના શ્યામ જલથી ભરાઈ ગયું
હ્રદય પર ભાર રાખીને ઘરનો ઉંબરો ઓળંગ્યો
કે તરત કાજલ વહેવા લાગી ગબડતાં ઢાળ ઊપર
સરકતા આવતા પાણીના પ્રવાહની માફક
બસ વહેવું જ એનું ભાગ્ય ન બની ગયું હોય!

*****

સામ્રાજ્ય

ડાયરીનું પાનું
શબ્દ રંગોળી અને
કલમ પીંછી
મારું સામ્રાજ્ય જાણે!
ચિત્રકારનું કોઈ અવોર્ડ વિનિંગ ચિત્ર.

*****

મૌન

ગુંજારવ કરતો ભમરો
ફૂલની નિકટ જતાં જ મૌન કેમ સેવી લે છે???
જેને પ્રેમ કરતા હોઇએ એવા પ્રિય પાત્રની નિકટ જવા શબ્દોની નહીં
લાગણીની આવશ્યકતા હોય છે.

બે વ્યક્તિ એક મેકના ગાઢ પ્રેમની સૃષ્ટિમાં મ્હાલતા હોય,
ત્યારે મૌન એની સર્વશ્રેષ્ઠ ભાષા હોય છે.

*****

પુનર્મિલન

વાદળીના ભારને હળવો કરવા વરસતું જળ,
વરાળ સ્વરુપે વાદળીને પાછું મળે છે.
વિખૂટાં પડવું!

એ તો, પુનર્મિલનની ખરી નકલ છે.
જેના પર ઈશ્વરે હસ્તાક્ષર કરેલા છે...

*****

આસોપાલવ

એ વિવશતા હતી!
કે,
ના પહોચાયું તારા સુધી.
બાકી, તારી પ્રતિક્ષામાં રોજ
દરવાજે આસોપાલવ બાંધુ છું....

*****

આગમન

મેઘ મેઘધનુષ્યના રંગો ચોળી,
સાત રંગની ચૂંદડી બનાવી બેઠી છું
આજે એમાં!

થોડી વધુ લાલાશ વર્તાય છે.
લાગે છે, તારું આગમન નિશ્ચિત છે.

*****

દિકરી

આંગળી પકડી,
બાળપણ સીંચનાર
જ્યારે! હાથ પકડી દાન આપી દે છે,
તે પિતાના હ્રદયની સ્થિતિ
સમજણનો વિષય ન બની રહેતા
એક એવો પ્રેમ પ્રદેશ બની રહે છે
જ્યાં,
વારંવાર પડવા આખડવા,
હસવા રમવા,
એમના પ્રેમને પામવા
ફરી એક વાર દિકરી બની જનમવું છે.....

*****

નિધિવન

કૃષ્ણ ચિત અને,
રાધા સ્મરણ
વ્રજ વનિતાનો સાથ,
હૈયે વસાવે ગોકુળ.
ત્યાં તો!

કૃષ્ણપ્રેમની કવિતા
નિધિવન સમી જ હોવાની
જેના શબ્દે શબ્દે કેસૂડાંના,
રંગ અને,
પ્રેમની સુવાસ હોય.

*****

ગોળમેજી પરિષદ

ખિસકોલીના શરીર પર પડેલાં પટ્ટાને
રામની આંગળીઓના નીશાન કહી,
અડવા મથતા લોકો,
જ્યારે!

રામસેતુ પર વિવાદ ઉપજાવે છે ત્યારે,
ખિસકોલીની આંખમાંથી અશ્રુધારા વહી નિકળે છે.
વાહ! રે કલિયુગ!
ઈશ્વરની રચેલી સૃષ્ટિ પર પણ ગોળમેજી પરિષદ?!

*****

અફસોસ

એક જીવંત તારીખિયું પાને પાને સળવળે
એવી યાદ એક આંખો વચ્ચે ટળવળે.
વણથંભી જીવનની વેદના!
આશા નિરાશા વચ્ચે ફરે.

પામવા ચાહ્યો જે સમંદર,
એ સ્વયં મૃગજળ પાછળ કરગરે!
પથ્થર જેવો એ સિતારો ,
ખરતી વેળા એ ઝળહળે.
ભ્રમણા રૂપી લાગણીઓ મારી!
મીન બનીને તરફડે.
કોરાં વચન કાચાં બંધન લાંઘતા
કાળી કિનારી જઈ નડે.

*****

ધ્રુવ

ફર અફર તું કર સફર
જીવન છે અવિરત યુધ્ધ તું ન ડર
હો કણકણ બ્રમ્હાંડ સમું ,
રાખ રદય હિંમત સભર.

ઓળંગ ગિરિ ગંભીર ઘણાં
સિતારા નભ તણાં કરશે સફર.
રાખ ભરોસો તું સ્વ પણામાં
કે "ધ્રુવ" ફરી ઝળૂંબશે તું ગમ ન કર.

*****

પથ્થર

અમસ્તું પુછી બેસાયું રઝળતા પથ્થરનાં ટુકડાને,
કે,
ટાંકણાંના ઘા ઝીલવાની સ્પર્ધા રચાઇ છે.
એની હિંમ્મત ને દાદ આપુ છું.!
અસહ્ય વેદના વેઠવાની તૈયારીથી એવો તો પ્રવેશ થયો જાજરમાન એનો!
કે જોતજોતામાં એની પ્રતિમા રચાઇ ગઇ.
જે ઠોકરે ચડતો હતો સદાય બધાની
આજે વેદના સહી તો એની કવિતા રચાઇ ગઇ.!?

*****

ચિત્રકાર

એ અડધી મૃત થયેલી વેદના
પામી મજાની ચિત્રકારીને!?
કોઇ પહોંચેલો ઘાયલ બેઠોતો,
રક્ત નીતરતી પીંછી લઇને......

*****

ભ્રમણા

કપાયેલું દિલ મારૂં
તને લાગ્યું અદભુત કલાકારી!
મનોચિકિત્સકોએ
તને,
દ્રષ્ટિભ્રમનો રોગી જાહેર કર્યોં છે........

*****

કાચબો કાચબી

કાચબો પુછે કાચબીને મારી પ્રેમ પંથની પ્રવાસી થા?
કાચબી કહે પ્રથમ જલમાં તું મારો આભાસી થા.

કાચબો બોલ્યો જલ તો ભ્રમણા!
કંકર પડે ઉત્પન સરકણાં,
તરંગો ઉચકે હાલક ડોલક
જાઇ તૂટે છે મોહક સમણાં.

કાચબી કહે કાચબાને કઇ નહીં તો દર્પણ થા.
બસ ઈચ્છું કોઇ પણ કારણથી તું મને અર્પણ થા.....

*****

મિલન

વચન આગમનનું,
વીતી ગયાં વર્ષો!
ને,
નિરાશ મન!
ઉભું રહયું કોઇ છાંયો શોધી,
આવતી કોઈ આકૃતિ
ઓચિંતી મારા સમક્ષ
દ્રષ્ટિ સતેજ બની,
નિહાળ્યું કોઈ સમણું!,

કે હકિકત આગમનની?
હા સાક્ષાતકાર એ પ્રિયતમનો
અને છાંયો કલ્પવૃક્ષનો.
ફરી થયું મિલન,
આત્મા એકત્વ.
સિધ્ધ થયો 'મણિકાંચન' યોગ.

*****

ગામનું પાદર

ગામનું પાદર
જાણે હૈયા ખોલવાની કૂંચી.
સંધ્યાની વેળા, પીપળો, અને ભાઈબંધુની ટોળી
ટાઢી હવા મનને શાંત કરી, અસ્તિત્વને ટાઢું બોળ કરી
ખોલો હૈયા, અને કરો હેલ્લારો.........
લાગણી

હ્રદયનો ઝંઝાવાત,
કહેતો કહેતો રડી પડતો નર કેશરી
શાંત્વના આપી ફરી લડવા તૈયાર કરતો કેશવ જેવો કોઈ કેશિયો.
આ બધું થઈ રહ્યું હોય ત્યારે!
પીપળો શાંત હોય.

તળાવની તૂટેલી પાળ જાણે!
હું પણ છું ચિંતા છોડ નો આશ્રય આપતી હોય,
ઢળતો સૂરજ ફરી ઊગીશ નો સંદેશ આપી બસ ડૂબી જાય,
ભેરૂના ખભે ભેરૂના હાથ અને ફરી બીજા દિવસની
હાય હોય, સંસારના તાણાવાણામાં વિટળાઈ ગયેલું જીવન!
ફરી હ્રદયને સાંત્વના આપે
હશે.... .
સાંજે પાછા પાદરે જઈશું.

*****

હથેળી

હથેળીએ કોરાયેલ કેળી
લાંબીને અડધેરી
ચાલવું સતત પડે,
ખાડો આવતાં ઠોકર ખાઈએ તોય ઊભા થઈ ચાલવું તો પડેજ.
સુમસાન કેળીને કોઈ વિસામો નઈ
પ્રવાસ કરતા કરતા થાકો!

તો રસ્તામાં થોડા જાજા ડુંગરા આવે,
એને અડેલીને વિશ્રામ મળે તો મળે.
નહીં તો એઈ.......... ને એય ઓળંગવા પડે
ચાલો, ચાલો,
ને બસ ચાલો..... .
હથેળીની કેળી પૂરી થાતાં એક આરામનો આશ્રય
ન ચાલવું,
ન પામવું,
ન ત્યાગવું,
બસ એક મુઠ્ઠી જેવડું જીવન મુઠ્ઠીમાં
બંધ થઈ જાય છે.
વિશ્રામ તરફ.

શાંત.....

*****

કર્મ

કર્મના લેખા કેશવને નડે
કેશવ કર્મની વેદીએ બળે
ભાઈ માર્યો,
મામા માર્યો
મિત્રો માર્યા,
હણાઈ ગયેલાં હણહણાટી કરે
દરિયો ખોળ્યો,
દ્વારિકા બાંધી,
સ્વચ્છંદો પાળ્યા.

અંતે આંખો રાતી કરે,
કુળ ડૂબાડ્યું,
જાત મારી,
નિષાદને અરેરાટી મળે,
તન બાળી સ્વધામ સિધાવ્યા
માધવ માટી પાછી ધરે!
કેશવ કર્મની વેદીએ બળે

*****

કવિતા

મન
વચન
કર્મ
ઊર્મિ
હ્રદય
રાગ
લય
પ્રલય
ક્ષત
વિક્ષત
કુદરત
....
સર્વશ્વ એકમાં સમાયેલું
મારી કવિતા એટલે પુર્ણતાનું આધાર બિંદુ

*****

અંગરાજ

અંગરાજ આવ્યા છે દ્વારે!
જન્મની સાથે મળેલાં કવચ અને કુંડળ
પેલા ધુતારા ઈન્દ્રને આપી દીધાં છે.
સવાલોની આખી પોથી હ્રદયમાં છે,
મા એ જન્મ આપ્યો,
તો વહાવ્યો કેમ ગંગે સર્વદેમાં!?
પાંચ પાંચ ભાઈનો છઠ્ઠો જયેષ્ઠ
કેમ હણાયો આમ રણભૂમિમાં!
હશે!...હશે!... હશે!...

કર્મના દોરામાં રાધાની ચૂંદડી જેવાં જ મજબૂત હશે
જેમાં બંધાયા પછી છુટવાનો ઉપાય ન મળે
તો આ સોળ કળાનો સ્વામી જેમ ભાઈની વહારે આવ્યો
એમ મને ના બચાવી શકત?
ના.........

એ કૃષ્ણ છે ધર્મની સાથે
અધર્મની સામે....
ઓ હો હો હો..........

આ બધું સમજાતું નથી
હવે ક્ષીણ થતી જાય છે સમજદારી
બચ્યું છે તો હજીએ ઘાયલ થયેલું મન
હજીએ આંખ બંધ કરુ તો સામે આવે છે કર્મની ગાંસડી.
પરશુરામ પાસેથી છેતરીને લીધેલી વિધ્યા,
ભાઈઓથી વિરુધ્ધ જઈ અધર્મના રથ પર સવાર થઈ લડેલું યુધ્ધ,
અને એવું ગણુંય...!

પણ હવે શાંતી જોઈએ છે.
ખિન્ન મનથી જીવી ,શકાય
મૃત્યુ તો શાંતી સ્થાપવા વાળું જ હોય.

આવો કેશવ
આવો કુંતા,
આવો ભ્રાતા, સખા
જૈ રહ્યો છે કર્ણ સઘડું છોડીને
હે કેશવ!
આ તન બળે,

તો કોઈ કુંવારી ધરાની ગોદમાં.
કૃષ્ણ,
સુરત ધરા,
અક્ષત જેવડી કુંવારી ધરા,

અને વિરાટ નારાયણની હથેળી પર બળતું કર્ણનું તન!
અંતે સમાય સમગ્ર સૃષ્ટિ બ્રમ્હમાં.

*****

પ્રતિક્ષા

એક ઉપવન
મન, સ્મરણ, બાંકડો અને વેલ બોગન
તારી પ્રતિક્ષા
મારી નજર,
દરેક ક્ષણ ભારી બંધન
તું આવે છે, આઘેથી દેખાય છે.
નજરને ટાઢક મળી.

વર્ષોની પ્રતિક્ષા આજે ફળી.
કેમ જાણે વર્ષોના ઉજાગરાને નીંદર મળી.
બે ક્ષણ પણ તારું થોભવું હવે કદાચ ભય ઉપજાવશે
ના થોભીશ,
ઝડપ રાખ તારા કદમમાં
પહોંચ કે હવે આ આંખો બિડાય છે.
શ્વાસ આરામ ઈચ્છે છે.
જીવ અન્ય જન્મમાં પ્રવેશવા ઈચ્છે છે
આવ ત્વરાથી આવ
હું, હું, હું, અરે તું!........

બસ અંતિમ શ્વાસે અંતિમ શબ્દ અંતિમ ઈચ્છા બસ
"તું"

*****

આંબાનું પાન

લીલેરું પાન આંબાનું
વર્ષોના અપશુકનિયાળ દરવાજાને
લીલું તોરણ બાંધ્યું,
આજે કંઈ સાથિયા પુર્યા છે ઉંબરે!
ને આખુંય ઘર મોગરાની મઘમઘતી માળથી સુગંધિત થઈ ઉઠ્યું છે.
આવનારા કદાચ બાગના શોખીન હશે!
પણ આ ઘરને લીલાં પાનની શોભા કરી તો કરી કોણે!
ઘરમાં રહેનારને તો વર્ષોથી બાવળ બની ગયેલ જોયો છે
જોયો છે એને સતત કાંટા જેવી જીભ વાપરતો
તો પછી આ લીલાશ શાની?
ત્યાં તો!

નજર પડી ઉંબરે મુકેલી એક ચોપડી પર
ખરબચડા જણને આજ લીલાશની લિસપ મળી છે
એણે ચોપડીમાં જડેલી કવિતાને આંગણે નોતરી છે
હંમેશ માપે ઘર માં ગુંજતી રહેવા
સુંદર મજાની કાવ્યની વેલ શણગારવા
લીલાં આંબાનાં ઝાડ
માથે કેશર કેરી કેરીયુંનો ફાલ
કે, ઘર મારું ઉપવન જેવું રે સોહાય.
આજે વર્ષો બાદ મૌન તુટ્યું છે બાવળનું, આંબાનાં લીલું પાન બનીને.

*****

પ્રવાસ

આથમી ગયું
આકાશી બિંદુ
બિંદુવત બનીને.
એના અસ્તિત્વનો તાગ
છેએએએએએઅક મળ્યો!
સવારના ઊગતા સૂરજના પ્રસરતા પ્રકાશમાં.
વિરાટ સ્વરૂપ સંધ્યા કાળે કેમ નિસ્તેજ થઈ જતું હશે!?
એ બિંદુની વિરાટ સફર ફરી પુર્ણ થાય છે.

ફરી આથમે
ફરી ઉગે
ફરી તેજવાન બને
ફરી બને નિસ્તેજ
આ આકાશી બિંદુ પણ વિધિના ચાસ પરનું બીજ
ફળે, ફુલે ને ફરી સંકોચાય.
ફરી ઉગે ને બસ આમ જ સતત...........
ચાલતાં રહેવું એ જ જીવન છે.

*****

એક પાંદડુ

પાંદડાનો સળવળાટ,
જાણે એના હાથમાંથી જીવન સરકી રહ્યું ન હોય!
આમથી તેમ હવાના પ્રવાહમાં ફંગોળાતું એક પાંદડુ
અસ્તિત્વ માટે સંઘર્ષ કરતું થોડે દૂર જઈને પડ્યું,
ઘસડાવાથી એનું તન તરડાઈ ગયેલું
મન ખંડિત થઈ ગયેલું
શુષ્કતાથી એક જગ્યાએ બેઠું,
ફરી પવનની એક લહેરખી આવી.

સ્વ રક્ષાણ કરતું હોય એમ સહેજ ઉડીને પાછું જમીન પર ખોડાઈ ગયું.
નિઃસાશો નિકળ્યો હશે કેટલાં ઉંડાણ પુર્વક એનાં હ્રદયમાંથી,
એ હૈયા વરાળથી એક વાદળ બંધાયું,

જલની એક બુંદ સીધી જઈને પાંદડા પર પડી,
જાણે કોઈ હૈયાનું ખેંચાણ હોય બન્ને વચ્ચે.
એ બુંદથી ભીંજાઈ ફરી પાછું આગળ વધ્યું લીલાશની સફર તરફ
ફરી પાછી લીલી કાયા મળી,
રંગબેરંગી સપનાં મળ્યાં,
ફરી એ ઘટાટોપ વૃક્ષની કોઈ શાખાએ
એ પાંદડું લીલા લહેર કરે છે.

*****

કુદરત

ફૂલને ફ્લાવરવાઝમાં બેસાડી,
એનાં પર પાણીથી અભિષેક કરી,
આખો દિવસ એને જોતી રહી,
રાહમાં બેઠી રહી ભીની ખુશ્બુની,
હમણાં મારા આખા ઘરને મહેકાવી દેશે
પણ આ શું !

સુગંધની કોઈ જ લહેર,
ન મારા નાકને સ્પર્શી,
ન મારા ઘરને મહેકાવ્યું!
અફસોસ! સાથે બેઠી રહી.
એક હાથ અચાનક મારા ખભે મુકાયો અને અવાજ આવ્યો
ના કર પ્રતિક્ષા ખુશ્બુની.
તે જે ફ્લાવરવાઝમાં મુક્યું છે,
એ તો મૃત અસ્તિત્વ છે ફૂલોનું!
પ્લાસ્ટિકનાં ફૂલ કૈં સુગંધ આપતા હશે?
ને એક નિસાસો મનમાંથી નિકળ્યો
ક્યાંથી લાવું જીવતા ફૂલ?
ક્યાંથી લાવું બાગ?

ક્યાંથી લાવું કુદરતની આ સૌગાત?
સ્વાર્થી માણસે કુદરત લૂંટી,
લૂંટ્યો જીવતરનો આસ્વાદ.

*****

શબરી

શબરી
તારા ચાખેલાં બોર,
ખાઈ શકે એટલી હવે ,
રામની ભુખ નથી રહી.
તું છોડ,
મહેનત ના કરીશ.
રામને હવે લગભગ બોરની આદત રહી નથી.
એ તો હવે ખાય છે,
બટર,બન અને બ્રોકોલી.

શબરી તું છોડ
મહેનત ના કરીશ.
બોર વિણવાની,
મીઠાં ચાખીને અલગ કરવાની
પ્રતિક્ષા ના કરીશ
રામ આવશે હવે સીધાં જ તને ગુડ નાઈટ કહેવા.

*****

મેઘ

વેદી પ્રગટાવાઈ છે,
આહુતિ અપાઈ રહી છે,
અશ્વને મોકલી દેવાયો છે મેઘને ખેંચી લાવવા,
પુરપાટ ઝડપે દોડતો અશ્વ
વન,વગડા ફાંદતો ફાંદતો મેઘની શોધમાં નિકળ્યો છે
રામ કરી રહ્યા છે તેંત્રીસ કોટીનું આહવાન,
સૌ એક પછી એક આવી રહ્યાં છે.
સ્વર્ગ જાણે પૃથ્વિ પર ઉતર્યું છે.

ત્રિદેવો હાજર છે અશ્વમેઘના શંખનાદ માટે,
પણ આ શું બધું હોવાં છતાં ધરા પર આ ઓછપ શાની?
ધરાનો સુકો પ્રદેશ કેમ સૌને વિસ્મિત કરી રહ્યો છે?
કમી મેઘની છે,
હા એ મેઘ જેને બોલાવવા અશ્વ ગયો છે,
જે મેઘના આગમન વગર વેદીનો અગ્નિ પવિત્ર નથી ભાસતો,
જે મેઘ વિના અગ્નિદેવ આહુતિઓ સ્વિકારવા તૈયાર નથી.
ક્યાં હશે એ મેઘ!?

અરે! મળ્યો રાઘવ મળ્યો એ મેઘ
કરો તૈયારી અવતારને લીલો શણગાર પેરાવવાની
કરો તૈયારી.
રામ તૈયાર છે!
સમગ્ર સૃષ્ટિ તૈયાર છે!
અશ્વ પ્રવેશે છે
મેઘ સાથે લઈને
અને ધરા હૈયાફાટ રુદન કરે છે
એ મેઘના આગમનથી
મેઘ ધરાનાં ચિરાયેલા હૈયાને સાંત્વના આપવા સમાઈ જાય છે એમાં હંમેશને માટે.
*****

પાર્થ

ઉગામી શસ્ત્ર ઉભો છે
પાર્થ યુધ્ધભૂમિમાં.
રણછોડ આપે છે ગીતા જ્ઞાન!
તારે યુધ્ધ કરવું પડશે.
પરિત્રાણાય સાધુના,
વિનાશાય દૃષ્કૃતાં,
ધર્મ સંસ્થાપનાર્થાય.
અવાક અને અસહાય પાર્થ હેઠો પડે છે.
ફળની ચિંતા!

આ યુધ્ધનું શું પરિણામ આવશે?
મા ફલેશુ કદાચન.
ફરી પાછો બેઠો થાય છે
ફરી ચડાવે છે પ્રત્યંચા પાર્થ
ફરી સંગ્રામ શરૂ થાય છે.
બધું જ થાય છે ઈચ્છા મુજબ,
ધર્મનો જય,
અધર્મનો નાશ,
પાંચાલીની પ્રતિજ્ઞા પુર્ણ થાય છે.
નથી પુર્ણ થાતો તો માત્ર પાર્થનો સંતાપ
ઓ હો!
કેટ કેટલું સહ્યું હશે પાર્થ થવા માટે.

*****

પિપીલિકા ને પત્ર

પ્રિય પિપીલિકા,
આશા છે, કુશળ હોઈશ.
તારો સંઘર્ષ મેં જોયેલો છે
જન્મતાની સાથેજ પેટ ભરવાથી માંડી,
ધરતીના તડની ગરમીથી બચવા સુધીનો તારો સંઘર્ષ.
નાનકડા તનને સુરક્ષિત રાખવા,
તેં મહાકાયો સાથે લોહા લિધેલાં!
યાદ છે મને.

તું સફળતાના રસ્તે તારા કદમ બઢાવ કે!
તરત જ તારા રસ્તા માં હિમાલયની જેમ ઉભો રૈ જાતો સાકરનો ટુકડો!
ભુખનો ભરડો તને તેનાં તરફ જાવા મજબુર કરે
પણ તેં થંભ્યા વગર,
તારી મહેનતના જોરે
એ હિમાલય પાર કર્યો છે.

તારા બુલંદ હોંશલાથી કડડડડ ભૂસ કરી નાખ્યો છે એ મહાકાય નગને.
હવે આશા છે તારો સંઘર્ષ શાંત થયો હશે.
તને પણ પીપળાના છાંયામાં બેસવા અને સખીવૃંદ સાથે ઠિઠૌલી કરવાનો સમય મળી રહેતો હશે.
તું કુશળ રહે એ જ શુભેચ્છા.
તારા ભાગનો પીપળો હું વાવીસ.

*****

વ્યથા મહાકાલની

અખંડિત!
અજાત શત્રુ!
અજિત?
અમાપ?
આ બધું સાંભળી
સફાળા બેઠાં થઈ ગયા.
કોણ કહી રહ્યું છે આ વચન મારા વિશે?
ક્યારે, જોઈ છે મારી જાતને પુર્ણ?
હું અર્ધ સ્વરૂપ છું.
મારું અડધુ અંગ સતી ક્યારનાય સમાઈ ગયાં અગ્નિમાં
કોણ કહે છે હું અજાત શત્રુ?
અરે પોતાની કોડીલી કન્યાને!
મારી સાથે શત્રુતા નિભાવવા અગ્નિને સોંપી ભુલી ગયા એ પિતાને!?
કોણ કહે છે હું અજિત છું?
મને તો ક્યારનોય જીતી લીધો છે,
મારા સંસારના મનુષ્યોએ એમની ભક્તિથી.
કોણ કહે છે હું અમાપ છું?
છે ને, મારાએ સીમાડા.
હિમાડા સુધી.
કેટલું વિચારાય છે મારા માટે!
પણ ક્યારેય કોઈ નથી પુછતું
શું પીડા છે તમારી?
કેમ સતત જલાધારીમાંથી વહેતા જલ નીચે ઠારો છો તમારા અગ્નિને
હું પણ પીડાઉં છું,
હું પણ ભુલાઉં છું
હું પણ ઘડાઉં છું.
હું શિવ છું
હું પણ ચીરાઉં છું
હું પણ સંધાઉં છું.
*****

હિસાબ

ચાલ કરી લઇએં અદલાબદલી
મારા પ્રેમ અને તારાં પરિત્યાગની,
જે તેં આપ્યું એ વ્યાજ સહિત પાછું તારું
સહી નહીં શકે છે વચન મારું,
મેં ચાહ્યું આપવા તને જે,
તેં કહ્યું નથી મારું.!

આ વખતે બાજી પલટીએં
જો તો,
હુંય રમું છું સારું
વારે વારે હાથતાળી દઇને
છૂટી જવું બોલ છે શું સારું ?
આજી ખેલે અનોખો ખેલ.
હૂકમનો સિક્કો હું ઉછાળું
તું છેતરીને હરવખત જાસ
અને પછી પાછું વાતમાં મોણ ખાસ.
ફરીસરીથી શરૂ કર ચલ.
નવી ગોળી નવો દાવ.......

*****

માણસ નામે પાષાણ

આજ મૌસમ બદલી ગઇ દુનિયાની
માણસાઇનો લીલો દુકાળ પડ્યો છે
સૌ પથ્થર પડતા મુકી માણસ થવા નિકળ્યાં
પૂજાવાની હરોળમાં આગ્રળ જવાં
કચળતાં કાળોતરા નિકળ્યાં છે.
અહી પથ્થર તડપે જોઇ વિનાશી લીલા
પથ્થરને લોહીનાં શેરડાં ફૂટ્યાં છે.

*****

માંગણ

ઘેલી બિચારી માંગણ,!
આવી છે લાગણીઓની ચીંથરી ઓઢીને,
હૃદય કટોરો ખાલી લઇને,
ભરી દઇસ તું પ્રેમ એનાંમાં
વહેમનાં ખોટાં આશ્વાસન લઇને,
એને ક્યાં છે ભાન કશાંની?
દૂનિયાની છે રીત ઠગારી,
સમજણ ક્યાં છે એ અબૂધમાં?
ઠગતી એને પ્રીતની વાણી.

ઘાત થતાં અનેક હૃદય પર તોય લે છે
એને સાંધી,
ક્યાં માંગ્યુંતું ઇન્દ્રાશન ને,
ક્યાં માંગ્યાતા મહેલ- મોલાત?
હડહડ કરતી તોય કાઢી દરવાજાને પહેલે પાર.
તોય સાવ અગડની જાત.
ઠોકર ખાતી ચીંથરેહાલ,
પથ્થર પર પટકે છે હાથ,
દઇ દો થોડું પ્રેમનું ભાથું હૃદય મારું સળગે છે નાથ.
પણ ક્યાં છે કાન પાષાણ રદયને?
શ્વાસ છોડ્યાં એણે અંતિમ આજ.
ઘેલી બિચારી માંગણ.....

*****

અંગાર

તપતો અંગાર સતત લાગે
સૂર્યને એનો શણગાર મસ્ત લાગે,
સતત પ્રસરતો તેજ પુંજ અહી હવે
સમસ્ત લાગે.

આંખોને એ આંજી દેતું
કિરણ કિરણ રંગસ્ત લાગે.
આરામ ઇછતો બે ઘડિક જો,
વાદળ દ્વારા ગ્રસ્ત લાગે.
વિનમ્રતાથી ઝૂકતો સિતારો
દૂનિયાને એ અસ્ત લાગે......

*****

વરસાદી મધ્યાહ્ન

વરસાદી મધ્યાહ્ન
અને બારી બહારનું એક દ્રશ્ય.
ઝીણી ઝીણી બુંદ લિલોતરીની કાયા પર પડી રહી છે,
જાણે! લીલી પહેરણ પર ઝળકતા આભલાં.
એક તાર, સિતારના તાર જેવો
બે પારેવા ભોળાં મનના,
માલણ અને માણિગર જેવાં!

એકમેકના સાથમાં તલ્લીન
આહ્લાદક વાતાવરણ
વર્ષાબુંદ તનને ટાઢક આપનારી
અને તાર પર પડતાં નાના નાના પગલાં જાણે!
સિતારની કાયા પર આંગળીનો સ્પર્શ
પ્રેમની મૌન ક્ષણ,
વિના શબ્દોની કથા,
બસ હ્રદય સ્પર્શની પ્રથા
એકમેકના અસ્તિત્વને એકબીજામાં ભેળવી દેનારું આ દ્રશ્ય
જાણે! મારા સ્મૃતિપટ પર કળાયેલાં મોર જેવું
રંગબેરંગી,
મનમોહક,
ભાગ્યે જ નજરમાં આવતું
કુદરત તારી કેવી લીલા!?...

*****

મૃગજળ

ચળકાટ નજરને આંજી રહ્યો હતો.
એ છે. એ આશા હૃદયને ટાઢક આપતી હતી.
કઈક કેટલાંય વર્ષોની પ્રતિક્ષા બાદ ત્યાં સુધી પહોંચાયું હતું.
બસ, હવે આ આવ્યું
પહોંચતાં જ મળી જશે
તરસ ટળી જશે
પણ!
આ શું?

હાથ કંપવા માંડ્યા!
કંઠ સુકાવા માંડ્યો!
નજર આંસુનાં ભારથી સાવ નમી ગઈ
હતાશા!
અશાંતિ!
ફરી બધું જ ખોયાનું દુઃખ!
અરે..........
ઓ "મૃગજળ"
તારો કેવો આ કેર!
દેખાયાનો ભ્રમ
પાછળ રહેલી વાસ્તવિક્તા કરતાં ક્યાંય સારો હતો.

*****

મોજાની હઠ

વિસ્મરણ થઈ જાય દરિયાને
આવતાં જતાં કેટલાયે મોજાં
કેમ કરી એક એકની યાદ રહે?
બસ એજ વાત પર વાદે! ચડીને
એક મોજું કિનારે બેઠું છે.
મનાવતી મીનને જાકારો આપતું,
કેટકેટલી સૌગાત દરિયો મોકલે છે.
શંખલાં, છીપલાં,મોતી,મણી
નહીં...... તે
નહીં.

સો વાર મનાવ્યું તોય!
એક એનું,
ઊંહું ..... ઊંહું..... ઊંહું.
આવા તે વાદ કદી કૈકેયીનાયે નહોતા સંભળાયા.
અને એક આ મોજાંએ!
દરિયાને દશરથ કરી મુક્યો.

*****

અભિમન્યુ

સાતે સાતને ચીરી નાખ.
અંદરથી આવતો અવાજ
જાણે! પ્રલય લઈ આવ એમ કહેતો હોય.
કદાચ ચીરીયે નાખું,
પણ આ સાતમાં જે સમાયેલું છે એ મારું જ
હા મારું પોતાનું જ,
હાથ ન ઉપડે,
પગ પાછા જવા માને નઈ!
થાય તો થાય શું?
મન સતત સંઘર્ષ કરે
ચાલ આજે હરી તને સોંપ્યું
મારું અસ્તિત્વ,
મારી શ્રધ્ધા,
મારી સમજણ.

બધ્ધું જ
લે પ્રવેશું છું ચક્રવ્યુહમાં.
જોતજોતાંમાં બધું વિખાઈ ગયું!
તન ચીરાયું!
મન તો એ રીતે બળ્યું જાણે!
અગ્નિને શ્રાપ હોય ભસ્માસુરનો!
આંખો બંધ થાય એનાથી પહેલાં પોકાર્યો અચ્યુતને
તું જ તું આધાર કેશવ, તું જ તું ઉધ્ધાર,
પણ!

કર્મના બંધનમાં બંધાયેલો અભિમન્યુ મરાયો!,
હા!
પાપીઓના હાથે!
કુન્તાએ કાંડા બાંધ્યા.
કેશવએ તાર તાર છોડ્યાં.
અભિમન્યુના જીવતરના દિવેલ વગરના કોડિયા
જ્યોત બુજાણી!
બ્રહ્મમાં સમાણી.
ઉત્તરના ગર્ભમાં પરિક્ષિતની કહાણી.
બસ કેશવ પાપથી પુણ્ય સુધી આ જ કહાણી.

*****

પ્રવાસી

કેમ સતત પ્રવાસમાં છે?
નક્કી કોઈ આશમાં છે.
ચાલતા ચાલતા ઠોકર વાગી,
હડવેકથી નીચે નમી ઉઠાવ્યો એ પથ્થરને
સંભાળી રાખ્યો ગજવે!
હા આશમાં છે કહું છું ને
કદાચ આ રસ્તાઓ પુરા થઈ જશે તો!
તો બનાવીશ હું આ પથ્થરને પાયદાન
એક પથ્થરથી પાયદાન?
હજુ તો ઘણું ચાલવાનું છે
ઠોકરમાં પથ્થરો આવશે જ
કેમ રામને નતા આવ્યા!
બનાવ્યો ને એણે એજ પથ્થરનો સેતુ!
તો મને મડે છે પથ્થર એનો પણ હશે કંઈક હેતુ
હા હશે જ.
મને પણ મળશે જેમ રામને મળ્યાતા સીતા
શું સીતાની શોધમાં છે?!
નહીં નહીં,
બસ શાતાની શોધમાં
એ ગયા દ્રોણગિરી તરફ,
હું જઉં છું હિમાલય તરફ,
ત્યાં પણ પથ્થર તો નડશે જ!
પણ બરફના અને હું સ્વયં તાપ,
પીગળશે,
પરિવર્તિત થાશે જલમાં
ચાલ.........
સતત પ્રવાસમાં છે.
*****

ચપટી

તદન નવી જ વેદનાએ ઉપાડો લીધો છે
ના આ પહેલા ન હતી ક્યારે પણ!
અને જે હતી એને તો મેં ચપટીએ ચોળી હતી.
અને આજે પણ મારી ચપટી થાક અનુભવે છે
અને ત્યાં ઓચિંતી આ નવી!
ક્યાંથી આવી હશે?
રસ્તો જડ્યો કેમ હશે મારા સુધી પહોંચવા?
કોઈ જાણભેદુએ આંગળી ચીંધી હશે?
હા એમ જ હશે.!

ચાલ હવે આવી છે તો રહે.
જો હું તારા દોરવાએ નહીં દોરવાઉં
તું તોડફોડ કરીશ હ્રદયની તો કશો વાંધો નહીં
મેં જરાને પડેલાં ચીરા સાંધવા નો કોન્ટ્રાક્ટ આપ્યો છે
અને એ પાછી છેય ઝડપી
આમ ચપટીમાં સાંધી દેશે.
ફરી એજ ચપટી!
હજી હિંમત છે એ ચપટી માં?
હા અરે ખુબ છે.
ચપટી નહીં જોવે તું નવી છે કે પુરાની
એ બસ મસળશે તને
અને ઓ વેદના!.....
વેદના તને પણ થશે.

*****

સ્વાગત

અજવાળું
અંધારાને ચીરતું,
આંખની ઝાંખપ દૂર કરતું
સ્વછ, સમક્ષની પ્રતીતિ કરાવતું
કોણ જાણે!
ક્યાંથી આવ્યું?

ના, સૂરજ કે, ચંદ્રની ગેરહાજરીથી
નતો ફેલાયો અંધકાર.
એ તો ક્યાંક ભીતર હતો.
ક્યારનો......
એનું ભેદન સરળ નતું
કૈંક તો હશે કે,
આજે આભા આટલી તેજસ્વી છે.

દીવો પ્રકાશ આપે તો પણ ઓરડો પ્રસન્ન થાય
માહ્યલો નહીં.
અંતરમાં અજવાળું છે.
એનો અર્થ એ કે તેં દ્વાર ખખડાવ્યું છે.
સ્વાગત, સ્વાગત,સ્વાગત
તારા અકાળે આગમનનું સ્વાગત.

*****

મરજીવો

પછી તો,
મરજીવાને જોઈ
સમુદ્ર બોલ્યો.
તારે જોઈએ જ છે મોતી?
મારા ગર્ભમાં પેશીશ!
કૃષ્ણની જેમ.
જેમ ઉત્તરાના ગર્ભનું મોતી એણે સુદર્શનથી સાંચવ્યું!
એમ તું પણ સાંચવીશ મારા મોતીને?
કરીશ રક્ષા એની તું?

વિંધાય નહીં.
વેંચાય નહીં.
ખંડિત થાય નહીં.
પાછા પડતાં ગયાં મરજીવાના પગલાં
ઉતર ન આપી શક્યો
મૌન સાવ મૌન!
અને સમુદ્રએ મોતી પંપાળ્યું
હૈયાને હાશકારો આપ્યો
જતો મરજીવો કિનારે જ થંભી ગયો.

*****

નિષાદ

વિંધવું પડ્યું,
અસહ્ય પીડા!
છતાં વિંધવું પડ્યું,
શું?
હરણ!
ના.
હરણ હોત, તો હક હોત,
નિષાદ છું
પણ!
આ તો ....
હણાયો હણાયો,
ચૌદ ભુવનનો નાથ હણાયો,
સોળ કળાનો સ્વામિ હણાયો,
મધુસૂદન હણાયો,
મારો નાથ હણાયો....
અરે હરણાં
આજે સમજાણી તારી પીડા!
નોધારાં કર્યા હતાં ને તમને
હું થયો અનાથ.
નાથ....નાથ.....નાથ

એક જ તું આધાર હરી મારો
મનખો એડે ન જાય.
જીવ મારો ભવસાગરથી તાર.
નિષાદ ઢળી પડે છે હરણ બની.

*****

મારી કવિતા

મારી કવિતા
એટલે
રણની વચ્ચે ગુલાબ.
શબ્દો,
વેદીનો અગ્નિ પણ
ઝાકળનો ફુહાર.
ઊર્મિઓની હેલી,
પ્રથમ વરસાદની
પહેલી ધાર જાણે!
હ્રદય ગમ્ય
નયન રમ્ય.
અને ક્યારેક!
યુધ્ધ
સ્વયંથી વિરુધ્ધ.
સંતાપ,આભાસ,વિલાપ.
કૃષ્ણ,કર્ણ,કુંતા
અભિમન્યુ, અર્જુનનો વિલાપ.
પાંચાલીના કેશ,
રાધાના નયન,
મીરાંનું મન.
મારી કવિતા એટલે
કેશગુંફન,
વૈજંતીમાળા
અને!
કેસુડાંનો ફાગ.

*****

સર્જન એનાં ખંડનનું

પ્રથમ પ્રયાસ કર,
પછી કર પ્રહાર.
પથ્થરની જાત તોડવી છે.
સરળ એટલી જ જેટલો માણસ તોડવો!
લાગણી બન્નેની એકસરખી,
મારું ખંડન શક્ય નથી.

અહંકાર
અતિવિશ્વાસ
અરે અંધવિશ્વાસ!
પ્રયાસ પ્રેમ જન્માવે
જન્માવે ઘૃણા પણ
પ્રહાર કરે છેદન.

મન અતિ સંવેદન,
તૂટે નહીં તો સર્જાય શી રીતે?
સમજ શક્ય નથી!
તો કર પ્રયાસ
કે થાય ભેદન
ભ્રમનું
અહંકારનું
અંતે પાષાણ ઘડે માણસ
માણસ પાષાણનું કરે સર્જન.

*****

ફૂલ

પેલું ફૂલ રંગે ચંગે ઉપડ્યું છે
ઓલાં ઢોલીડાની જાનમાં.
એએએએએએ
ઢોલીડા
ચાલ તાલ દે,
લગાવ થાપ તારા ઢોલ ઉપર

હેએએએએએએએએ
લીલા માંડવીઆના
ચોખલે વધામણાં
ચાલ ઢોલી ચાલ કરું
કંકુંના છાંટણાં.....

ઢોલ ઢબુકે છે,
ફૂલ પીળી પીતાંબરી પહેરી
એયયયયયય ને
હેલ્લારે ચડ્યું છે.

થાપે થાપે પગની ઠેસ લેતું
પ્રીતના ગીત,
સૌંદર્યના ગીત,
હિલોડે ચડેલું હૈયું.
ફૂલની શોભા!
ઢોલીના ગળાનો હાર.

ફુલ હરખાયું
નાચ્યું
શોભા વધારી
પરત આવી
ઢોલીને પોંખ્યો!
નીરાંતે
ફુલને હવે આરામ
કરમાઈને ફરી ખીલશે
ફરી મહેકશે
એ તો ફુલ છે

*****

નરસૈંયો

અને
નરસૈંયો!
હાથમાં કરતાલ અને કેદારો લઈને નિકળ્યો છે.
ઉગાળા પગની દોટ
ગિરનારની તળેટી પહોંચવાની લ્હાય
માહ્યલે સંતાપ!
હરી તો એને સાવ ઢુંકડો
તો કેમનો આ જ્વાર?
દોડ દોડ દોડ નરસૈયો દોડ
આજ ન મેલ,
ન મેલ,
વચને બંધાયો છે.
એમ તે શાનો રાસચોરે રમીને ભાગ્યો જાય સીધો વૈકુંઠ?

ઉભો રે એ ગિરિધારી,
એએએએએ ગોવિંદ,
એય મારા પ્રાણ ઉભો રે...
કેવો પરમેશ્વર કહેવો તને વ્હાલા!
મારા વ્હાલાની આવી કસોટી?
નરશૈંયો શોધે છે ગોવિંદ!
ગોવિંદ એનાં હૈયે હરખાયો છે.
ખમ્મા ભગત ખમ્મા
ચૌદ ભુવનનો નાથ તારો પડછાયો છે.

*****

માછલી

તરતી માછલી
જલ માંહે.
ઈચ્છા વાદળ પર તરવાની.!
આકાશ ઓરું આવ્યું ધરાથી
ક્ષિતિજ પર મિલન.
તરવરાટ માછલીનો
આકાશે જઈ ચળી!

ઘેરાયા વાદળ ઘનઘોર
આખું ગગન જાણે માછલીનું જલતરંગ!
તરવું,
વહેવું,
માછલીનો સ્વભાવ.
ચાહે હો સમંદર,
કે હો! ગગન.

*****

ધોળી ઘોડી

ધોળી ઘોડી
મંગરો ખુંદે,
ખુંદે ખીણ, વનરાઈ
બગળદમ બગળદમ ડાબલા ગરજે
હણહણે જાણે સાવજ દહાડ
જોતજોતામાં જઈ પહોંચે,
સીમાડાને પાર.

રખેવાળની સંપત
ઘોડીના પ્રાણે સંકટ
દોડી દોડી જાય રખેવાળ,
શ્વાસ ચુકતો જાય રખેવાળ,
ઘોડી જોય દશા રાવલની
પ્રાણનો જરીએ ના વિચાર!
કરી હણહણાટ થાય ઊભી,
જઈ પહોંચે રાવલની પાસ.
પ્રાણ પરત કર વીરાંગનાના
કરે રખેવાળ ઈશ ને અરદાશ.
ધોળી ઘોડી શ્વાસ ખેંચી,
કરે જાત ચરિતાર્થ.

*****

ચેલૈયો

મૃત્યુની ક્ષણ!
સમગ્ર જીવન સુવર્ણ દાન
ન આપ્યું કોઈને અન્નદાન!
માધવ હવે ધો અવસર
કરું હું અન્નનું દાન
માધવ કહે,
હે રાધેય ધરો સગાળશા વણિકનો દેહ
કરો ભુખ્યાને અન્નના દાન,
આવશે સ્વર્ગમાં તમને કામ
અંગરાજ સગાળશા થયા
પુત્ર રત્ન ઘેર અવતર્યા.

એક રતન જીવતરની ભેટ
ચેલૈયોનું નામ દિધેલ.
થઈ કસોટી શેઠની આજ.
કૈલાશપતીનો આવ્યો શાદ!
ચેલૈયાનું માથું વાઢ!
મુજને ભક્ષણ કરવા કાજ
સગાળસાના ડગ્યા જરી
ખડગ લઈ દીધું શીશ વેતરી
પ્રશન્ન થયા જુગદાધાર
આપ્યા ચેલૈયાને જીવનદાન.

*****

કોયલ

ગૂઢ રહસ્યો લઈને બેઠી છે કોયલ,
મૂક બની આંબાડાળે.

હળવી પવનની લહેરખીના સ્પર્શે
મૌન તોડી,
સમગ્ર વાતાવરણને મંત્રમુગ્ધ કરી દેતો
એક ટહુંકો!

કોયલની બોલી જાણે!
વેરાન વગડાની કબિરવાણી.

*****

દ્રૌપદી

અગ્નિશિખા હળવેકથી ઉઠી,
ધગધગતો અગ્નિ જાણે!
એનાં અંતરનો અગ્નિ
સતત પ્રજ્વલિત
એટલો જલદ!
કે, હમણાંજ સમગ્ર સૃષ્ટિનો ,
અંત આણી દેશે.
ધૂ ધૂ કરતી જ્વાળા એના અંતરમનને બાળી રહી.
ખુલ્લાં કેશ જાણે અગ્નિ પતાકા લહેરાવી રહ્યા હતાં
પાંચાલી
તોય નિઃસહાય?
કૃષ્ણા, કૃષ્ણની સખી
કેટકેટલો ભોગ લેવાયો!

સભા મૌન,
પિતામહ મૌન,
આચાર્ય મૌન,
મૌન સમસ્ત બ્રમ્હાંડ.
હે ગોવિંદ!......
આ તે અગ્નિકુમારીની કેવી અગ્નિપરિક્ષા?
ક્યાં છે તું?
ક્યાં છે પાંચ પાંચ મહાવીરો?
શ્યામ વર્ણી,
શ્યામ કેશ.
સાક્ષાત અગ્નિ!
ધૂ ધૂ ધૂ બળી રહી છે દ્રોપદી
બળતો હોય સ્વયં બ્રમ્હ જાણે!
*****

પ્રસુતા

બસ એજ ન સમજાયું,
એનાં ગર્ભમાં શું હતું?
પૃથ્વીએ પ્રસુતિની પીડા વેઠી,
માનવ જણ્યા!

*****

ભ્રમર

રંગ ઉપાસક!
તલ્લીન સુગંધમાં.?
ફૂલો એ બીજું કઈ નથી,
છે ભ્રમર ઊપવનમાં.

*****

સાબિતી

સાબિત થવું પડ્યું
તેથી જ મારે! દાખલો બનીને.
જમાનો કરી રહ્યો હતો
સરવાળા,બાદબાકી,
મને ગણતરીમાં લીધા વગર!

*****

સ્વભાવ

ફૂલોને કચડાઈ જતા અટકાવી શકાય
કરમાઈ જતાં નહીં.
કરમાવું એ તો એનાં!
અસ્તિત્વની મર્યાદા છે.
અસ્તિત્વ જીવંત હોવું જોઈએ,
સખત નહીં.
સમય આવતાં જુકે પણ.
અસ્તિત્વની સફર તો,
આરંભથી અંત સુધી કોમળ હોવી જોઈએ
અને
સુવાસિત પણ.

*****

Coming Soon

ઘાયલ
મુજ દુર્દશાના !
હાસ્યલેખો ખુબ લખાયા છે.
જિંદગીના રંગમંચ પર,
ફરી શુભારંભ થઈ રહ્યો છે
એક નવા અધ્યાયનો.
"બખ્તરી કવિતા"

Coming soon......

*****

મારી નજરે કૃષ્ણ

મારી નજરે કૃષ્ણ
જીવનની પ્રત્યેક પળનો જીવંત પ્રવાહ,
સ્ત્રીના હ્રદયનું પ્રેમબિંદુ
પ્રાતઃકાલનો મધુર આલાપ
અને,
સંધ્યા સમયની ગૌધૂલી.
કૃષ્ણ એટલે શ્વાસની અમરતા
હ્રદયનો ધબકાર.

કૃષ્ણ વિનાનું હ્રદય એટલે મૃત સરોવરની મીન જાણે!

*****

કૃષ્ણ મને અર્પણ

કૃષ્ણનું આપેલું,
કૃષ્ણને અર્પણ
અને કૃષ્ણ!
રાધા!
મીરાં!
નરસૈયો!
ગોરા!
સુદામા!
અને
હું!

બધા જ હરોડમાં છે
લગભગ લગભગ
બસ પહોંચવા આવ્યો છે ગિરીધર
મને મોરપીંછ દેખાયું છે.
અને દેખાયો છે મોર પણ!

*****

સંજોગ

સંજોગો પોંખ્યા છે
લીલા તોરણેને મોતીડે.
નથી અમસ્તા આવતા મારે દ્વાર.
મેં ચૂંટીને રાખ્યા છે,
બોર, તાંદુલને માખણના માટ.
કોઈ કાળે એ ચૂકી ગયા!
મેં સામેથી દેખાડ્યા છે મારા હાથ.
રેખાઓ જોઈ લો,
સમય ચક્ર જોઈ લો,
ગ્રહોની ગીરા વાંચી લો,
સઘડું અનુકુળ!?

તો હશે કદાચ કાચા અંદાજ.
પડ્યા પાન ઉકેલવા નથી ડાબા હાથનો ખેલ
મેં ખેલ બધા ખેલ્યા છે જેમ ખેલે ભડવીર.

*****

આથમતો માણસ

આથમતાં સૂરજને
કહો,
પરેશાન ન રહે
કાલ પડશે, ચક્ર બદલશે
ધરા ફરશે એની ધરી ઉપર
પાછો ઉગશે તું
તું!
અરે તું પણ
માણસનું તો સમજ્યા
તું પણ ઉદાસ થાય છે!
પરેશાન થાય છે?
કેમ?

જેમ માણસ માટે તું આથમતો હોય છે
એમ માણસ પણ તારા માટે આથમી જાય છે!
પરેશાન ન થા
ચલ
માણસ પણ ઉગશે ફરી
ફરી એ માણસ થાશે.
જીવંત થાશે ફરી,
ફરી તલાસ થાશે.

*****

સમય

સતત બદલાઈ રહ્યો છે
પીંછીથી લખાતી વાત,
આંગળીના ટેરવે પહોંચી છે
સ્થળ, કાળ આદિ
હથેળીમાં રમતા થયા છે.
સમય પણ ગજબનો
પ્રગતિશીલ.

શું એને અડચણ નહીં આવી હોય?
આવી હશે તો
એણેય ઠેક્યા હશે ડુંગરા
લાંગ્યા હશે સમંદર
તોડ્યા હશે બિબાઢાળ ઢાંચા
તોજ પહોંચ્યો છે એ
આ સ્થાને
અને તું!

ચાલ સમય થા તું પણ.

*****

મન

મન
મીરાં બને કે,
બને મોહન.
સામ્યતા એક હંમેશ રહેશે
નહીં એ મને સંભારશે!
નહીં હું એને ભૂલીશ કદી.

મન
રાધા બને કે,
બને ગોવિંદ
સામ્યતા એક હંમેશા રહેશે
નહીં એ મને સ્વિકારશે!
નહીં હું એને ત્યાગીશ કદી.

મન
કૃષ્ણા બને કે,
બને કેશવ
સામ્યતા એક હંમેશા રહેશે
નહીં એ મને સમજાવશે!
નહીં હું એને સમજીશ કદી.

*****

સપનું

એક સાવ સંકેલાયેલ સપનું
મનના કોઇ ખૂણે ધૂળમાં રજોટાયેલું પડયું હતું.
સમય કયાં હતો કે ધૂળને ઉડાડી શકું?
અને જયારે થોડો જાજો સમય મળ્યો ત્યારે,
એ વિચારે મને રોકી કે રહેવા દે મનને કયાં દિવાળી હોય છે?
અચાનક તારું આવવું અને એ સપનાનું જાગવું પેલા મનના ધૂળીયા ખૂણેથી.
ધણા સમયના આરામ થકી થોડું
મૈળાઇ ગયેલું

થોડું સૂસ્ત થઇ ગયેલું, આળશ મરડી ઉભું થયું
તને જોતા જ એનું ઘેલમાં આવી જઇ નાચી ઉઠવું.
સાવ અજાણતાજ તારા આગમનથી એ સૂસ્ત સપનાંને નવું જીવન મળ્યું છે.
હવે, તો એ પણ હસતું ગાતું , નાચતું કૂદતું મનના દરેક ખૂણાએ કયારેક,
થપ્પો દાવ રમતું પોતાની મજા માણી રહયું છે.
મને તો કયાં એટલો સમય હતો?

બસ,
તારો હાર્દિક આભાર માની સહર્ષ જણાવું છું કે ,
તારા આવવાથી મારા સપનાંની તબિયતમાં સુધારો છે.

*****

પંખી

જન્મ્યું માળે એક બાળ નાનું
મા નું હરખાય,
થશે નિરાતે હવે જીવન મારુ
સંભાળમાં પસાર.

અરે... અરે... અરે...
કાગારોળી શાની?
અરે કોણ આવ્યું?
અરે સુતા બાળ જાગી જશે.

આવ્યું એક વિહંગ પાસે
બોલ્યું નથી હવે આશ!
ઝાળ નાખી પક્ષી પકડવા
આવ્યો છે પારાધી આજ.

ના... ના... ના...
અરે ના.....
રોકો કોઈ,!
અરે સમજાવો કોઈ!
અમારુ જીવન પણ જીવન છે ઈશનું આપેલું
ના અમને રંજાળો કોઈ.

ઉડીને બાહર માળા માંથી
ગયું પંખી લાચાર!
તેવે ટાણે તીર છોડ્યું
પારાધીએ લગાતાર.

હેએએએએએએએ
કુદરત!
નિસાસો નાખું કે કરુ ફરિયાદ?
ચાલ થવાનું તો થઈ ગયું
હવે સાંચવજે સંસાર.

*****

કંટક

ફૂલ
ફોરમ
હરિયાલી
વસંત
કોયલ
ભમરો
નીલ ગગન
છે બધા આ બાગના સાથી
અને કંટક?

કંટક તો છે હેમદંડ
લાગે તિક્ષ્ણ
પણ અસલમાં રક્ષણનો છે માપદંડ
સૌ કોઈ ભાળે એમાં કઠોરતા
પણ કંટકને જરા એથી ફેર ન પડે
કંટકનું મન!
નિશ્છલ
નિ:શ્વાર્થ
અને ફૂલોનું પ્રાણધન.

*****

અશ્વત્થામા

અશ્વસ્થ અશ્વથ્થામાં !
હણાયો હણાયો!?
પિતાને સંદેશ પહોંચાડો.
જાણી જોઈ કરી
વહેતી છે વાત કોણે?
ધર્મરાજને બોલાવો

કુંજર પણ છે અને માણસ પણ છે
હશે કોનો જાયો હણાયો?

સાંભળી પિતાને સંતાપ થયો
કહો દ્વારિકાધિશ કોણ છે આ?
કોનો છે જાયો?

સત્યનો રથ જેનો ઉંચો રહે સદાય
સવાલ એને કરાયો,
નરોવા કુંજરોવા!
કહેતાં જ રથ ધરતીએ પછડાયો.
પિતા વેદનાથી તૂટી ચુક્યા
હવે કરો પાર્થ અધર્મનો સફાયો.

*****

ગુલાબ

ડાળ ડાળ ખીલતું ગુલાબ
એની પાંદળીઓ વચ્ચે છે મીઠો સંવાદ
જાણે કોયલના ટહુંકાનો શાદ.
પહેલા વરસાદની પહેલી જ બુંદ
બની ફૂલોને માટે સૌગાદ,
ખુશ્બુ ફેલાઈ રહી બાગમાં મજાની
જાણે અત્તરનો ખુલ્યો કબાટ.

ખોબલે ને ખોબલે ઉડાળવા છે આજ મારે
ગુલાબના ગુલાલી ફાગ.
મને ગમતીલું છે આ ગુલાબ.

*****

ગંગાપુત્ર

છોલી નાંખો
બરછટ થયું છે બાણ!
પીડા થાતી હશે પીતામહ ને.
હૃદય પર વાગ્યું છે
અને એજ બરછટ થયું છે!

આખુંય અંગ વિંધાયું છે.
પણ! હૃદય ની આસપાસ કેમ આ રક્તધારાઓ ગાંડીતુર ભાસે છે!
વિમાસણમાં છે સૌ
ધર્મરાજ, કૃષ્ણ અને પાંચાલી.

અર્જુન આવે છે,
ગંગાપુત્રના શરણે.
મા કદાચ આ હૃદયમાંથી વહેતી રક્તધારાને
પરંતુ શક્ય નથી.

પાર્થ ધીમે ધીમે ભિષ્મ નાં હૃદય સુધી પહોંચે છે.
હાથ હૃદય પર પડે છે.
રક્તધારાઓ શાંત થાય છે,
શાંત થાય છે ગંગાપુત્ર.

*****

કૃષ્ણ અને કૃષ્ણા

એકધારું જોઈ રહી
અવાચક બની
મન મુંજાય છે, શબ્દો નથી પાસે
છતાં પણ પ્રશ્ન પુછાઈ જાય છે.
શું છે આ યાદવશ્રેષ્ઠ!
અગ્નિને વહેંચશે કઈ રીતે?!
હું દ્રવ્ય નથી, દામીની છું.

ટુકડા થયાં તો સર્વત્ર વિનાશ વહેરીશ.
યાજ્ઞશેનીનો હ્રદય અગ્નિ ધૂ ધૂ કરતો બળી રહ્યો છે
અને કૃષ્ણ!
કૃષ્ણ મૌન છે,
હજુ પણ એ જ મોહક સ્મિત
મૃદુ વાણી
અને શાંત ચિત્ત.

ઉત્તર નથી એવું નથી કૃષ્ણા!
તું અગ્નિશિખા છે
તારો અગ્નિ તને બાળવા નહીં
અધર્મને બાળવા સર્જાયો છે.
કૃષ્ણ શાંત છે.
કૃષ્ણા હજી પણ અવાચક.

*****

અખંડ સૌભાગ્યવતી

એકાંત
તારીખિયું અને,
બારણાંનો અવાજ
નજર ત્યાં પડતાં જ
પહોંચી જવાયું .
બે હજાર સત્તરની સાલ,
ઉંમર અઠ્ઠાવીસ ની,
તને લીલા તોરણે પોંખી હતી.
એ કંકુ પગલાંની છાપ,
આજે તારા પગલાં શોધે છે
અને હું ખોવાઈ જાઉં છું
હું હાથમાં લઈને બેઠો છું એ
આલ્બમમાં.

તારા મારા સાથનો આલ્બમ,
જીવ્યા એ બધી યાદનો આલ્બમ,
સાથિયા પુરાવ્યા,ચોખલિયા છંટાવ્યા
જીવનનાં એ સૌભાગ્યનો આલ્બમ,
તને આ જ રૂપે ચાહી,
આ જ રૂપે હ્રદયમાં રાખી,
અને આ જ રૂપે તું સદાય મારામાં રહે
બસ એટલું જ હજી પણ માંગવું છે.
તારા માટે,
મારી સંગીની તું
"અખંડ સૌભાગ્યવતી રહે."

*****

મીરાં

સરનામાની છેલ્લી લીટી,
આખે આખી ઓળખાણ હતી.
મીરાંએ લખેલાં કાગળમાં
મોરપીંછ અને વાંશળી
એટલું જ લખ્યું હતું,

સરનામું આખે આખું વૃંદાવન
ભૂમિ વ્રજની,
મેવાડનાં રસ્તા
અને શ્યામનું નામ.
અંતે લખાયું બસ એ જ કે,
કાગળ ગિરીધરને મળે!
અને દરવાજા દ્વારિકાનાં ખુલી ગયાં.

*****

Feedback

A small initiative globally for society.





Do you know, a tap that drips once every second wastes about 1,000 liters of water every month.

#SAVE WATER #SAVE EARTH

One Man NGO: Shri Aabid Surati (Painter, Author, Cartoonist, Activist)
www.ddfmumbai.org

We would be happy to have your feedback...☺

Please share your transparent review/feedback/rating to encourage our author or services. Share your testimonials by clicking the link on www.nexus-stories.com

Our books (eBook & Paperback) are available globally.
www.nexus-stories.com # Amazon # Flipkart

@nexus.stories

@nexus_stories

@Nexus Stories

@nexusstories2016

@ nexus-stories

Have a Happy Reading...!!! ��